
# ૨. વાંદરા માથે ફુગ્ગાનો ટોપો

ગીત :

## મેં તો ફુગ્ગો પાળેલ છે



કોઈ પાળે કુરકુરિયું ને કોઈ પાળે ગાય,
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી ચક્કો,
ફુગ્ગામાંથી બનતો જોકર એની માથે ટક્કો.
દોરી સાથે બાંધું તો અધ્ધર અધ્ધર જાય.
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

પિપૂડી ઉપર બાંધું તો ફુગ્ગો વાજું થાય,
સાઈકલ સાથે બાંધું તો,
મારી સાઈકલ સ્કૂટર થાય.
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો સૂઈ જાય.
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ, ભાઈ, ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

— રમેશ પારેખ




☞ **વાતચીત :**

- કયા ફુગ્ગા સરખા છે?
- કયા રંગનો ફુગ્ગો સૌથી મોટો છે?
- કયો ફુગ્ગો સૌથી નાનો છે?
- કયા કયા રંગના ફુગ્ગા સરખા છે?

**શોધો :** સરખાં દેખાતાં ચિત્રોમાં તફાવત શોધો :






૧ ૨ ૩ ૪ ૫

- પાંચ ચિત્રો પૈકી સરખાં બે ચિત્ર શોધવા કહો.
- બાકીનાં અન્ય ચિત્રોમાં શો ફેરફાર છે તે જણાવવા કહો.

## વાર્તા કહેવી :



## વાતચીત :


ચિત્રોને આધારે નીચેના જેવા પ્રશ્નો પૂછો. ચિત્રનું ઝીણવટથી અવલોકન કરવું પડે તેવા પ્રશ્નો પૂછો :

- કયા ચિત્રમાં ટોપીઓ નીચે પડેલી છે?
- કયા ચિત્રમાં વાંદરાઓએ ટોપીઓ પહેરી છે?
- કયા ચિત્રમાં ફેરિયો સૂતો છે?
- છ નંબરના ચિત્રમાં તમને શું દેખાય છે?
- પ્રથમ ચિત્રમાં તમને શું જોવા મળે છે?

## અભિનય :

આ વાર્તાનો અભિનય કરાવો :

## શોધો :



સરખા આકાર ફરતે ○ કરાવો.

## વંચાવો :



કાગડો બોલે કા... કા... કા.



બેં... બેં... બોલે બકરી.



વાંદરો બોલે હૂપ... હૂપ... હૂપ... હૂપ.



ચીં... ચીં... ચીં... ચીં... બોલે ચકલી.



કબૂતર બોલે ઘૂ... ઘૂ... ઘૂ... ઘૂ.



કુહૂ... કુહૂ... કુહૂ... કુહૂ... બોલે કોયલ.

☞ ઉપરનાં વાક્યો નીચે મુજબ વંચાવો :

સૌ પ્રથમ બાળક જોઈ શકે તેમ એક એક શબ્દ નીચે આંગળી મૂકતા જાઓ અને મોટેથી વાંચતા જાઓ. આવું ત્રણેક વખત વાંચો.

ત્યાર બાદ તમે શબ્દ નીચે આંગળી મૂકો અને વિદ્યાર્થીઓ તે આખો શબ્દ ઓળખશે અને મોટેથી બોલશે. (આ આનુષંગિક વાચન-પદ્ધતિનો ઉપયોગ બીજા માટે પણ કરો.)

## જોડો :

| | |
|---|---|
| કાગડો | ચીં... ચીં... ચીં... |
| ચકલી | કા.. કા... કા... |
| વાંદરો | ઘૂ... ઘૂ... ઘૂ... |
| કોયલ | હૂપ... હૂપ... હૂપ... |
| કબૂતર | કુહૂ... કુહૂ... કુહૂ... |

ગીત :

# ભોપો અને ટોપો



એક હતો ભોપો, તેણે પહેર્યો ટોપો,
ટોપો હતો બ્લૂ, તેમાં હતી જૂ.

જૂ ભરે ચટકો, લાગે મોટો ઝટકો,
તોય રાખે ભોપો, કાઢે નહિ ટોપો.

ટોપો સાવ ગંદો, તેમાં એક વંદો,
વંદો ફરે માથે, ટોપા સાથે સાથે.

વંદો ભાળે જૂ, બોલે : સૂ સૂ સૂ,
જૂને બીક લાગે, આમતેમ ભાગે.

જૂ સંતાય છે, વંદો ખિજાય છે.
વંદો કાઢે ડોળા, કરે ખોળંખોળા.



હડિયાપટ્ટી મચ્ચી, થાય ગલીપચી,
ભોળો ખણવા બેઠો, ટોપો પડ્યો હેઠો.

– રમેશ પારેખ

